મેસર્સ. સી. ડી. શાહ એન્ડ કો. કૃત.

કન્યા વાચનમાળા પુસ્તક ૧લાના અર્થ.



પાઠ ૧.

શહેનશાહ=મહારાજા-
ધિરાજના રાજા
સંગીન=મજબુત
જોરાવર
પુરાતન=ઘણુ જુનુ
ચરિત્ર=વૃત્તાન્ત, હેવાલ
જ્યેષ્ઠ=મોટા
...ઓવ વેલ્સ=વેલ્સ
નો રાજપુત્ર
...=ખિતાબ
...=ખુલ્લા મનના
...=વહાણ ચલા-
...ની કળા
...=ગોઠવણ
...=ઘણોજ
... કેળવણી
...=મુસાફરી
...=ચોગરદમ ફરી
...વુ તે

ચાલુ=કાયમ
પદવી=ઓદ્ધો
પ્રવીણ=માહીતગાર
નિર્ણય=ઠરાવ
ક્રમેક્રમે=એક પછી એક
બાંધો=ન ધારણ
નિર્માણ=નક્કી
યુવરાજ=ગાદીનો વારસ
આદરસત્કાર=આવકાર
લથડવા=બગડવા
રાજ્યાભિષેક=રાજગાદી
પર બેસાડવાની ક્રિયા
પાયતખ્ત=રાજધાનીનુ
શહેર
આબાદી=ચઢતી

પાઠ ૨.

નણદ=વરની બેન
ઘડ=ઘાટ
નેફો=ચણીઆના જે
ભાગની ચ... પાટી
વાલવામા આવે છે તે
કુચો=કુચડો
બહાનુ=ઓઠુ, ખોટુ
કારણ
ચીતરી કાઢયા=ગમે તેમ
લખી કાઢયા
નકલ=ઉતારો, કોપી
લપલપાટ=જોઇએ તે
કરતા વધારે ઉતાવળ

પાઠ ૩.

ડાળે બાંધેલો હીચકો.

હીચકો=ઝુલો
બકુલ=બોરસળી
તણી=ની
શોભા=દેખાવ
હીચુ=હીચકો ખાઉં
અપાર=પાર વગરનુ,
ઘણુજ
વળતી=પછી
વાળ=બાલ, નિમાળા
ચમકાવે=ચોકાવે

માય=મા	ફુલયા=ખીલ્યા	લીલા પીળા
મલકાવે=હસાવે	ભારી=ઘણુજ	ચક્કર આવે છે
માય મા	શિર=માથુ	... નશીએ
નગ ધી=સારી વાસ	મદ=ધીમી, થોડી	તુમ=તુ ને સારુ

સમજુતી—એની ! આરસગીની ડાળ પર હીચકા ગાજુ ગોખા મારી છે હુ ઘણા વહાલથી હીચકા ખાઉ છે.

તે હુ જોરથી હીચકા ખાઉ તો સામી ડાળ સુધી જાઉ, પણ પાછા ફરતા વળી ડાળ સાથે અફળાઉં, પવનના પુરા ઝપાટા સુખ આપે છે પાંદડી નિમાળા છુટા પાડે છે અને ઘણી વાર ચોકાવે.

વળી મનને ચોકાવે છે અને ઘડીમા ગભરાવે છે વળી ધીમા મા ગાય છે ત મને હસાવે છે બાગમા ફુલ ખીલ્યા છે ની જેની સારી ખુશબો વાડે છે ! એ ખુશબો મને ઘણુ સુખ આપે છે.

આરસગીના ફુલ માથા પર પડે છે તે ઝીણા ટપકા જેવા, વળી એમ મને મીઠી ધીમી ખુશબો આપે છે, મા નીચુ ગમ્યાને હીંચકા ખાઉ, હીચકા ખાઉ, હીચકા ખાઉ, પણ ચક્કર આવે તો અમે બધ ...

હુ હિમત રાખુ તો થાકથી કદી થાકુ નહિ પણ એ વડ હીચકા રમેને તુ તૂટતો ! જ્યારે તુ તટયો ત્યારે હુ પડુ અને અફળાઉ, માટે રમવુ છોડી દઇને હવે તો હુ ઘેર જાઉ

પાઠ ૪.	આસન	દીલના
વિવેક=સનુકાઈ	ચીંદરડી=લુગડાનો કકડો	ટળાની=મટાડી
ડેસ=ડોકર	ખાતર=મરદાસ	મફતની=વગર પૈસા
ચાકળો=ચામડા વગેરેનુ	વય=ઉમર	પાઠ ૫.
રૂથી ભરેલુ ગોળ	મોટા મનના=ઉદાર	ઘોરો છો=ઉંઘો છો

-નજ-

તુ જમવાનુ
વી=મોટા શહે
વખત જણાવવા
તોપનો અવાજ
વામા આવે છે તે
ાવરો=અભ્યાસ, ટેવ
ચ્યુ=અચાચ્યુ મેગ
યુ
'જુતી-વહેલા સુઇ
ય અને વહેલા ઊઠ
તે જરા પણ દુખ
જુએ નહિ, ઘણુ કે
ઘણી તાદાન, અક્કલ
અને દોલત વંત છે
તેથી તેને બધા સુખ
મળે છે

પાઠ ૬.

બાજ અને કાલ.

ાતે=મલકાતે
મ=મોઢે.

વેયા=નાખ્યા
નશીએ=દૈવયોગે
ફ્રગ=ના
નીચા નમી=વાકાવળી
વીણીશુ=એકે એકે
લઇશુ
અત્યારે=હમણા
ગુસ્સે થઇ=રીસ કરી
વિપત=દુખ આપના
વધુતાન નાણી
દીલગીર=ઉદાસ
કાલ=આવતો દિવસ
ભૂલીને=વિસરીને
ભુદુ=નઠાર, ખરાબ
માફ=ક્ષમા
અન્યાય=ગેરઇન્સાફ
મટવાને=અટકાવવાને
ગુસ્સા=ક્રોધ રીસ
ઘટવાને=ઓછો થવાને
વઢવુ=લડવુ
ધીરીને=ઉધાર આપીને

આબ ...
ધનપાખી=પૈસા ...
પાખી=વગર, સિવા
દેવુ=આપવુ
માગના=ઉધાર આપેન
નવ=નહિ
આને=આપે
વાકુ બોલી ...
બોળે ...
કરિયાદી ...
...
સદગુણ=સારા ગુણ
પામા=મળો
ગસ્સા=ક્રોધ
ગાળો=અપનામ્દ, ભ
બોલ
ચિંતા=ફીકર
ચટપટી=ગભરામણ
ચળવળ
અટપટી=ગુચવણ
ભરેલી
મા'લે=ખુશીથી ...

સમજુતી—નસીબે ખુશી થઇને રસ્તામા ગુલાબના ફૂલ નાખ્યા, તે આપણે વાકા વળી ક્યારે વીણીશુ ? હે બાઇ, હમણા

આજ ને આજ ચીણી લો (મતલબ કે જેમ ફૂલ કરમાઇ જાય છે તેમજ સારા કામો કરવાનો વખત પણ છે, માટે ગુલાબના ફૂલ રૂપી સારા કામો તરતજ કરવા) એટલે કુદરતે બગીચામા એટલે દુનીઆમા ગુલાબના ફૂલ એટલે કામો) (૧) પણ કદાપિ જો તે ગુસ્સો કરીને બોલે, તો તેને વ દ ખ પડ, તો પછી ઉદાસ કયારે થવુ ? હે બાઇ, કાલે, કાલે, ક (મતલબ કે માન કામ કરતા દુ ખ આવી પડે તોપણ દીલગીર થ છોડી દેવુ નહિ) (૨) કોઇએ ભૂલથી આપણુ નકારૂ કીધુ હોય અને વળી આવીને આપણને દુ ખ પણ આપ્યુ હોય, તો તેને આ પણે માફ ક્યારે કરીશુ ? હે બાઇ, આજ ને આજ અત્યાર માફ કરીયુ જો પાપ ગેરઇન્સાફ મળતો હોય તે અટકાવવાને અને મનમા રોસ બાળી કરવાને માટ જો કોઇની સાથે લડવુ પડે તો ક્યારે લડવુ હે બાઇ, કાલે, કાલે, કાલે, લડવુ (૪) કોઇએ આપણને પૈસા ઉધાર આપીને આપણી આબરૂ રાખી હોય, ને માણસ પૈસા વગર દુ ખી થતો હોય, તો તેને પૈસા પાછા ક્યારે જઇને આપવા ? હે બાઇ આજ ને આજ હમણા આપવા (૫) આપણે ઉધાર આપેના પૈસા પાછા આપે નહિ અને વાકુ બોલીને સામુ પણ જુએ નહિ, તો તેવા માણસ પર કોર્ટ ક ક્યારે ફરિયાદી કરવી ? હે બાઇ કાલે, કાલે, કાલે ફરિયાદી કરવી ( ) સારા ગુણના ઘણા કામો કરવા છે પણ કામ ઘણાને લીધે આપણને જરા પણ વખત મળે નહિ તો પછી તેને ક્યારે કરવા ? હે બાઇ, આજ ને આજ હમણા કરવા (૭) મનમા કોઇ નાદાન વિચાર, ફીકર, ગભરામણ અને ગુચવણ ભરેલી વાતો પોતાની મજે આવે તો તે મનમા જઇને કયારે આનદથી રહે ? હે બાઇ, કાલે કાલે, કાલે.

સ   સારા કામ આજ ને આજ કરવા, અને નઠારા
કામનો, k આવતી કાલ પર રાખવો મતલબ કે નઠારા કામ
કરવાજ નહિ

પાઠ ૭.

ધીરજ=સબુરી
નાપસંદ=અણગમતા
વઢકારૂ=વઢકણુ
ટક ટક કરવું=બડ-બડવું
અણગમો=નાખુશી
કટાળો=ચીતળી, ત્રાસ
કૃત્ય=કામ
સંભાળ=સાવચેતી
પૂરતી=જોઇએ તેટલી
સાવચેતી=સંભાળ
શત્રુવટ=વેર, દુશ્મનાઇ
બળાપો=પસ્તાપ
સમાચાર=ખબર
રંગ=મજા
ભંગ=નાશ
ફળાદિ=ફળ વગેરે
હરી ગયો=છાની રીતે લઇ ગયો
પતિ=ધણી, વર
રાક્ષસ=દૈત્ય, અસુર
છુટકારો=છુટકો
આરોપ=આળ, તહોમત

પાઠ ૮.

શોખ=છંદ, નાદ
'ફરે તે ચરે અને બાંધ્યા ભૂખે મરે'=મહેનત કરે તો તેને તેનું ફળ-ખાવાનું મળે, પણ જો મહેનત ન કરે, તો ભૂખે મરી જાય
લાગુ=બંધ બેસતુ
સીમ=ખેતર
અર્થ=મતલબ
કહેવત=કહેણી, અનુભવ સિદ્ધ વાક્ય
બોધ=શિખામણ, ઉપદેશ
માદલા=માદા જેવા
કામણ=જાદુ, વશ કર-વાની યુક્તિ

પાઠ ૯.

શરદની રાતે ગરબા ગાવા વિષે.

સાહેલડી=સખી
હા હા=હડ હીડ
હરિચરિત=પરમેશ્વરની લીલા
ચરિત=ચરિત્ર, લીલા.
અલબેલડી=લાડકી, રંગીલી
સખી=બેનપણી
પ્રેમે=હેતથી
શરદ=છ ઋતુમાંથી એક; ભાદરવો ને આસો
રંગ=ગોળા
ગંભિર ગંભીર મોટું
ભાતડી=ભાત, તરેહ
નક્ષત્ર=તારા ૨૭ નક્ષત્રો કહેવાય છે
છાનડી=છાની
નીર=પાણી

વાતડી=વાટ, રસ્તો	જાતડી=જાત તરેહ	ર [illegible]
હરખ=આનંદ	ગત=પ્રીતિ ભરેલુ, રીતે	રેલડી=[illegible]
કુમુદ=પોયણુ, ધોળુ કમળ ફૂલ	મસ્ત=મગ્ન, ચકચુર	લહાણી=ખુશાલીમા સૌને સરખી ભેટ આપવી તે
કુમુદાદિક=ધોળા કમળ ફૂલ વગેરે	વેલડી=વેલી, ગાડી	
	ગોવિંદ=પરમેશ્વર	

સમજુતી—હે ! હે બેની, સખી ઊઠો સૌ મળીને ગરબા ગાઇએ હા હારે સૌ મળીને ગરબા ગાઇએ (૧) વળી હે ! અલબેલી સખી હેતથી પ્રભુની લીના ગાઇએ, હાહારે સૌ મળીને ગરબા ગાઇએ (૨) શરદની રાત ખૂબ ખીલી છે અને રંગથી ભરેલી ભીની છે, હા હારે રંગથી ભરેલી ભીની છે (૩) જુઓ મોટા આકાશની ભાત મજાની આસમાની ખીલી છે, હાહારે મજાની આસમાની ખીલી છે (૪) ચંદ્ર અને તારા જોઈ છાતી ઠરે છે અને સુખથી ફલે છે, હાહારે ઠરીને મજાથી ફૂલે છે (૫) નદી પાણી અને પર્વતના રસ્તા હરખથી કેવા હસે છે ! હાહારે હરખથી કેવા હસે છે ! (૬) પોયણુ વગેરે ફૂલની જાતો રાતે ખીલી રહે છે હાહારે રાત ખીલી રહે છે (૭) સખી, ગગ મસ્તાનથી ઘેલી થઇને પ્રભુના ગુણ ગાઇએ, હાહારે સખી પ્રભુના ગુણ ગાઇએ (૮) ચોકખા રંગની રેલ થઇ (આનંદની મજા પુરેપુરી થઈ) હવે લહાણી વહેચીએ, હાહારે હવે લહાણી વહેચીએ (૯)

પાઠ ૧૦.	વડ સસરા=મોટા સસરા, વરના બાપના બાપ	ક્ષય=છાતીમાથી ગળફા પડે અને શરીર કતાતુ જાય એવો રોગ
[illegible]=શોખ, [illegible]	સ્નાન=નહાવુ તે	
[illegible]બુદ્ધિ=કમઅક્કલ	વીત્યા=ગયા	
[illegible]=ઘણો		

આગ્રહ=મક્યાં રહેવું તે
ચોતીલી=શરમિંદી
કંતાઈ=તવાઇ
જોટવા=વેઠ
છવિટિઆ=સ્ત્રીને પગની આગળીએ પહેરવાની ઘુવરીનાળી વીટીઓ
ફૂલ=ફૂલના ઘાટનું ઘરેણું
ફૂલવાળીઓ= } ઘરેણાનું
ઝુમડી= } નામ છે
લોળીઉ=કાનની લાલીમાં પહેરવાનું બેનાનું ઘરેણું
લવિંગીઉ=કાને પહેરવાનું સોનાનું ઘરેણું
છંદ=હાથે પહેરવાનું ઘુઘરીવાળું ઘરેણું
દામણી=કપાળની છેક ઉપર પહેરવાનું હીરા મોતીનું ઘરેણું
નાગફણી=એક જાતનું ઘરેણું
અણગમો=કંટાળો

પાઠ ૧૧.

ગળગળી થઇને=રડવા જેવું મો કરીને
માઠી ખબર=દુખદાયક સમાચાર
ખેદ=દીલગીરી, અફસોસ
પત્તો=ઠામ ઠેકાણું
ખોળમખોળા=શોધાશોધ
લાસ=મુડદું, મરી ગએલું પ્રાણી
ઠાવકી=ડાહી
ઓતાડા=કોઈ જંતુ આવતું ન હોય એવી જગામાં આવેલો, એકાંત
નોતર=નોતરેલા માણસો
ટાણેટચકે=સારા અવસરે
શોભા=ખુબસુરતી
ચાલ=રીત, ધારો
વખોડે=નિંદે

પાઠ ૧૨.

શબરી અને રામચંદ્ર

શબરી=એ નામની એક ભીલડી હતી
રામચંદ્ર=સૂર્યવંશી દશરથ રાજાના કૌશલ્યાથી થએલો પુત્ર
મુજ=હું
દાસડી=ચાકરડી
પરે=ઉપર
ધરીને=લાવીને
સ્વામીજી=ધણીજી
મુનિ=ઋષિ, તપસ્વી
મર્મ=છુપો ભેદ
કુશ=દર્ભ
નિત્યકર્મ=સંધ્યા વંદનાદિ કર્મ
દર્ભ=કુશ, દાભ
આશ્રમ=મઠ, આરામ પામવાની જગા
ભ્રમ=ભ્રાંતિ, વહેમ
આહાર=ભક્ષ, ખોરાક
શ્રીકાર=સરસ
આગે=આગળ

અપવાસણુ=ભૂખી
સધરી=એકઠા કરી
સાર=સારા
રાઘવ=રામચંદ્ર
પ્રાયે=સરખા, જેવા
ક્દાએ કોઈ પણ જગાએ
નિર્મળ-પવિત્ર
નેહ=સ્નેહ પ્રીતિ
કૌશલ્યા=દશરથની ત્રણ રાણીઓમાની પહેલી રાણી
બદ્રીફળ=બોર
મધુરા=મીઠા
મુજને=મને
તણો=નો
પાર=છેડો
ભાવ=હોસ, ઉમંગ
ભાવ ધરી=હોંસથી
પ્રાશન=ખાવુ, જમવુ
પાવન=ચોકખુ, નિર્મળ
સ્વસ્થ=શાંત
રઘુવીર=રામચંદ્રજી
વિરહ=વિયોગ
નયને=આખોએ
નયને વહે છે નીર=આખોમાથી આસુ પડે છે
અધિક=વધારે
સહી=સાખી, સહન કરી

સમજુતી—મુજ ચાકરડી પર દયા લાવીને પ્રભુજી તમે દર્શન દેવાને સારૂ થયુ કે પધાર્યા જેથી મારૂ મન માન્યુ થયુ (૧) સ્વામીજી (રામચંદ્રજી) આ દર્ભ લઇને હમેશના કામ (સંધ્યા વગેરે) કરો, આ દર્ભ ઘણો જુનો છે તમે મુનિનો છુપો ભેદ કરો (સમાધી ચઢાવો) (૨) રામચંદ્રજીએ ત્યા નિત્ય કર્મ કીધુ પછી મઠમા આવ્યા શબરીએ ત્યા ચાકરી કીધી તેથી મોટો વ્હેમ દૂર થયો (૩) હે રામચંદ્રજી જે સારા અમૃત સરખા ફળ જાણ્યા તે મે ખુશીથી ખાઇને ચાખી ચાખીને આ મૂક્યા છે (૪) જે મને મીઠા લાગે તે કાપીને કરડી જોયા છે મે આગળ પહેલા એમ વિચાર્યું કે એ રામને માટે રાખુ (૫) તે દિવસની હુ ભુખી છુ મે એક પણ ખાધુ નથી, મે તે સારા તમારે માટે સંઘરી રાખ્યા (૬) રામચંદ્રજી કહે છે કે તારા પવિત્ર પ્રેમને લીધે મને બહુ કરીને (લગભગ) અમૃત જેવા મીઠા લાગે છે, એવા એ કોઈ ઠેકાણે ખાધા નથી (૭, જેવા તારા

મીઠા બોર મને ભાવે છે તેવો સ્વાદ કૌશલ્યાના પીરસ્યામા પણ આવતો નથી (૮) સીતા હેતથી અમૃત સરખુ ભોજન પીરસતી તેથી પણ આ મીઠા લાગે છે, કારણ કે તારૂ હેત ઘણુજ છે (૯) મે એવુ હેતથી ભોજન કોઇ જગાએ ખાધુ નથી, તેમજ હુ ઘણા દહાડાનો ભૂખ્યો છુ તેથી હેતથી ખાઉ છુ (૧૦) પછી રામચંદ્રજીએ ચોકખુ પાણી પીધુ ને શાંત થયા, પણ સીતાના વિયોગથી આંખમાથી આસુ પડે છે (૧૧) શબરી સાચુ કહુ છુ તે સાભળ, તુ મને કૌશલ્યા કરતા વધારે વહાલી છે, મારૂ મન ઘણુ દાઝ્યુ છે તેથી હુ સીતાનો વિયોગ સહન કરી શકતો નથી (૧૨)

પાઠ ૧૩.

ચાદો=એબ, ખોડ
નસીબદાર=ભાગ્યશાળી, ધારેલો લાભ સહેલથી મળે એવી
ખુદા=ઈશ્વર
ઉછેદીઉં=છોકરા વગર મરી જાય તેની મા લક્ષમના મળે તે
ખોડો=ચાદા
આટો નીકળી જાય છે=સખત મહેનત કરવી પડે છે
કાળજુ ઠારે=સતોષ પમાડે
વારસ=હકદાર
રણશીંગુ=તતુડુ
માજરી=ભુરા ડોળા વાળી
ખોડીલો=ખોડવાળો
કરડી=આકરી, મારકણી
કન્યા=કુવારી છોકરી
કદરૂપી=બેડોળ
અજવાળુ કર્યુ=આબરૂ મેળવી

પાઠ ૧૪.

ભોજાઇ=ભાઇની વહુ
ચાવલી=બહુબોલી
મીઠુ મરચુ ભભરાવે=વાત રસિક કરવા માટે પોતાના તરફના શબ્દ ઉમેરે
ઠપકો=ગુનાહના બદલામા કડવા વેણ કહેવા તે
દાવો=હક
દાખવશે=બતાવશે
મહેણુ=તોણુ
લાજ=આબરૂ
પોળને મોઢે=પોળને છેડે
ગાઠીઓ તાવ=તાવ સાથે ગાઠ નીકળે એવો રોગ, પ્લેગ
ખરાખરી=ખરૂ ખોટુ

નક્કી કરવુ તે
વગોણુ=ફજેતી, નિંદા
શિક્ષા=સજા
પાત્ર=લાયક
અસર=લાગણી
શેરડા પડવા=શરમાઈ જવુ, કોલવાઈ જવુ, લજવાઈ જવુ
વલે=હાલ, ફજેતી

પાઠ ૧૫.

ગાળવા=ગુમાવવા
કાળજી=ફીકર, ચિંતા
સંભાળ=બરદાસ
ફરિયાદ=રાવ
વિતાડયુ=દુઃખ દીધુ
હેરાન=દુઃખી
ગેરહાજરી=હાજરી નહિ તે
નિશ્ચય=ઠરાવ
ફેર ફરક=તફાવત
કુટેવ=ખરાબ આદત
ચેન=સુખ
લહેરી=લહાની
દાક્તર=અંગ્રેજી દવા કરનાર
પટાવીને=ફોસલાવીને
શોકવાન=દીલગીર, શોકાતુર
લેવાયુ=ન ખવાયુ, કમ શક્તિ થઈ
ગોઠવણ=બંદોબસ્ત
મંદવાડ=બિમારી રોગ
છોકરવાદી=નાદાની
પસ્તાવો=દીલગીરી, અફસોસ

પાઠ ૧૬.

ગર્વ વિષે.

ગર્વ=અહંકાર, અભિમાન
છલકાશે=ફુલાશે
ફુલણજી=વખાણથી રાજી થઈ ખર્ચ કરનાર
ગાંગા=હાથા
અધવચ=વચ્ચોવચ
આંટા=વાણ
ખુટયા=ઓછા થયા
ખર્વ=અબજ પછીની સંખ્યા, હજાર કરોડ
સોડ=બાજુ, પાસુ
કંસ=કૃષ્ણનો મામો
રાવણ=લંકાનો રાજા.
બોધ=ઉપદેશ, શિખામણ
દ્રોપદી=અગ્નિ કુંડમાંથી નીકળેલી દ્રુપદ રાજાની પુત્રી
ભાગે=ઘણુ
લાજ=આબરૂ
દુર્યોધન=ધૃતરાષ્ટ્રના વડો પુત્ર, એ અને એના ૯૯ ભાઈ કૌરવ કહેવાતા
ગરવ=અહંકાર, ગર્વ
પસ્તાશો=દીલગીર થશો
પેલી=પહેલી
હું પદ=અહંકાર, મારાપણુ
મેલી=મૂકી
કાળ=કુદકો
શિર=માથુ

૧૧૨૩૦

ભાળે=જુએ	બાળી=બાળા, છોકરી	ખરૂં રૂપ=મૂળ સ્વભાવ
ભણતર=શિક્ષણ	પોત=સ્વભાવ	ખોલે=ઉઘાડું પાડે
પાણીમા પડ્યુ=નકામુ ગયુ	હદપાર=ઘણુ	તરણુ=તણખલુ
	તુચ્છપણે=તોછડાઇથી	તોલે=બરાબર

સમજુતી—એનો અહંકારથી છલકાઇ જશો નહિ મતલબ કે અહંકાર કરશો નહિ, વખાણથી ફુલાઇ ખર્ચ કરી ફુલાશો નહિ બધા માણસો અહંકારથી હાર્યા ને તેઓ ગામ મુકીને અધવચ્ચે નાઠા, અહંકારથી ઘણા માણસના ધાણ નીકળ્યા (ટેક) (૧) ઘણા રાજ ગર્વથી નાશ પામ્યા, જે પૈસા ખર્વની સંખ્યાથી ગણાતા તે પણ ખૂટી ગયા, અને બધાએ મરણ પામ્યા (ટેક) (૨) અભિમાનિ કંસ પણ કેવો મુઓ! અને રાવણ જેવો પણ મરી ગયો એ એથી તો ખરી શિખામણ લેવી (ટેક) (૩) જ્યારે દ્રોપદીને દુર્યોધને ઘણુ દુઃખ દીધુ અને તેની આબરૂ લેવા ઉભો થયો ત્યારે તે પાપી મુઓ (ટેક) (૪) જે મનમા અહંકાર રાખે તે પેટી પુરા પસ્તાશે માટે અહંકાર છોડી દઇને મન મોટુ રાખો (ટેક) (૫) કુતરૂ કોઇ ગાડા નીચે ચાલે તો તે ગાડાનો સઘળો ભાર પોતાને માથે જુએ અને તેથી તે ફુલાઇને કુદકા મારી ડગના ભરે, જાણે કે ગાડાનો સઘળો ભાર હુંજ ઉપાડું છું (ટેક) (૬) જે બાળા ભણી ગણીને ગર્વને છોડે નહિ, અને સારૂં નઠારૂં વિચારે નહિ તો તેનુ ભણતર નકામુ ગયુ સમજવુ (ટેક) (૭) હુ બધાથી રૂપાળી અને ડાહી છુ, મારા જેવી કોઇ છોકરી નથી એવુ અહંકારવાળી હોય તેજ બોલે (ટેક) (૮) જે પુરૂ ભણેલુ હોય તે પોતાનુ પોત બતાવે નહિ, અને કદાપિ અહંકારથી હદ પાર બોલે પણ નહિ,

પણ જેમ અધુરો ઘડો હોય તેમ છલકાય, તેમ જે થોડું ભણેલી હોય તેજ અહંકાર કરે (ટેક) (૯) જે બીજાને તોછડાઇથી બોલે ને પોતાનું સ્વરૂપ (સ્વભાવ) ઉઘાડું પાડે છે મતલબ કે હું અહંકારી છું એમ બતાવે છે, તેની આબરૂ તણખલાની બરાબર રહે મતલબ તેની આબરૂ બીલકુલ રહેતી નથી (ટેક) (૧૦)

પાઠ ૧૭.

વઢકારી=વઢકણી, લડાઇ કરનારી
બહાના=ઓઠા
વારો=વખત
છુટકો=નિકાલ
શોક=દીલગીરી, બેચેન
વળગો=વાગો
આય=શક્તિ બળ
મુનિવ્રત મુંગા રહેવું તે
ઉકળી=ખીજવાઇ
માગ=ઉપાય
ખોળ=શોધ
કોઢવાડ=એકનો આગો અને બીજાનો અડવો
વઢવાડ=લડાઈ
મિથ્યા=ફોકટ
ભાર=વક્કર

પાઠ ૧૮.

સોબત=સંગત
ફળ=પરિણામ
જાદ=જુઠાણું, ખોટાઉ
અવગુણ=ખરાબ ટેવ
બનાવ=વાત વિગત
સચાલ=સારી ચાલ
જેવી સોબત તેવી અસર=જેવા માણસની સંગત હોય તેવા ગુણ આવે
સમજુતી=જે નઠારી સોબત મળે તો નઠારાં કામ કરાય સારી સોબતથી હમેશાં સારી ચાલ ચલાય

પાઠ ૧૯.

વરસાદની ઝાડીઓ.

ઝડીઓ=વરસાદના ઉપરા ઉપરી ઝાપટા
વેગવાળી=ગતિવાન
ભાળી=જોઈ
નભ=આકાશ, ગગન
છાઇ=ઢાંકી
રવિ=સુરજ
પળતી=દોડતી
છટાથી=ચપળતાથી
ઘાડી=જાડી
આંધી=વંટોળીઓ, વાવાઝોડું
ધરા=સરોવ
પીચીને=સંઘરીને
વીજે=વીજથી
ગાજે=ગર્જના કરે
ઇંદ્રરાય=મેઘરાજા, વરસાદ
ટોકા=ટહુકા

ટહુકા=એકદમ રીસમા કાઢેલો અવાજ
મુસળધાર=જાડી ધારમા પડતો હોય તેવો, જોરમા પડતો હોય એવો
પેખો=જુઓ
મેડક=દેડકો
જોરભરી=જોસબંધ

નાવજ=વહાણજ
પૂરપાટે=ઝપાટાબંધ
નીકો=પાણી જવાનો માર્ગ, ગટર
નિકોરી=મોરી, પાણી જવાનો સાંકડો માર્ગ
સરો=સરોવર, તળાવો
ખેડુ=ખેડુત
પ્રવાસી=મુસાફર

કાયર=હેરાન
મેઘજળ=વરસાદનુ પાણી
ત્રાસે=કંટાળે
તૃણ=ઘાસ
ધરતી=જમીન
છાઇ=ઢંકાઇ
શુ=કેવી
સહુ=બધા

સમજુતી—કાળી, વેગવાળી, રૂપાળી, ઘણી વાદળીઓ આકાશમા જતી તે જોઇ, તે (વાદળી) સુરજને ઢાંકીને ઝટાથી દોડતી તેથી તેની ઘણી જાડી ઘટાથી વટોળીઆ થયો (૧) ઘણી વીજળી થાય છે તેથી આંખો મીચીએ છીએ, ઘણા જોરથી મેઘરાજા ગર્જના કરે છે તેનો જવાબ મોર ટહુકા કરી આપે છે, સિંહો એકદમ રીસમા અવાજ કાઢે છે ને માથુ અફાળે છે (કારણ કે સિંહ સમજે છે મારા કરતા બળવાન કોઇ નથી ત્યારે આ અવાજ કોણ કરે છે એમ સમજી એકદમ રીસમા આવી અવાજ કાઢી માથુ પટકે છે) (૨) મુસળધાર પાણી પડે તે તમે જુઓ, દેડકા ડેંડું કરે છે તે જુઓ જોસબંધ ઝપાટાથી નદી ચાલે છે તે જુઓ, ઝપાટા બંધ વહાણ ચાલે છે તે જુઓ, (૩) નાની મોરીઓ અને ગટરો પાણીથી ભરાઈ અને સરોવરોમાથી પાણી છલકાઈ જાય છે, ખેડુત અને મુસાફર વરસાદથી ભીંજાઈ ગયા છે, તેથી તેઓ ઝાડો નીચે ઉભા રહ્યા છે. (૪) પેલા પશુઓ વરસાદથી કંટાળીને નાસે છે, વળી પક્ષીઓ વરસાદના પાણીથી કંટાળે છે, લોકો ઘરો બંધ કરીને ભરાઈ બેઠા,

તેઓ ટાઢથી ધ્રુજે છે તેથી તાપણી લઈ બેઠા છે (૫) લીલા ઘાસથી પૃથ્વી ઢંકાઈ છે તેથી હે ! બાઈ સ્વર્ગની વાડી [આ દુનીઆ] શુ બની રહી છે ! વરસાદથી દાણા, ફૂલો અને ફળો થવાના તેથી બધા લોકોના દુઃખ જવાના (!)

પાઠ ૨૦.

દયા=રહેમ મહેર

દાન=ધર્મ બુદ્ધિથી આપવુ તે

ગરીબાઈ ગરીબ

ભાખાડુ લડખડા લાગેલુ

બારણા બારણા

ખરા દીલથી=ખરા મનથી

ઠઠ=જમાવ, ટોળુ

રાહ=વાટ

આશીશ=સારી દુઆ, આશિર્વાદ

આગ્રહ=કાલાવાલા

સ્વાર્થી=મતલબી

પરગજુ=પારકાનુ ભલુ કરનાર

રૂઠે=નારાજ થાય, કોપે, ગુસ્સે થાય

બક્ષીસ=ભેટ, સન્માન

હર્ષ=આનંદ, હરખ

અંતર=કાળજી, હૈડુ

ઉર=મન, દીલ

સુપાત્ર=લાયક, યોગ્ય

સાથ સાથે

સમજુતી–દુઃખી પ્રાણીને જોઈને જે માણસ મનમા તેના દુઃખ દુર કરવાની કાળજી રાખે અને દયાળુ થઇને દાન (કરે) કરી જાણે, યોગ્યને દાન આપેલુ તે સારૂ દાન છે, કહે છે કે હાથે દાન કરશે તે સાથે આવશે

પાઠ ૨૧.

મલીદો=એક જાતની ઉંચી વાની

નવરાશ=ફુરસદ

રોટી=રોટલી

ચાવલ=ચોખા

ખોટ=નગારા, તંગી

અસર=પાસ

વિસારે પડી=ભુલી ગઇ

સ્થિતિ=હાલત, દશા

તક=દાવ, લાગ

પોટકી=પોટલી

મંદગી=સ્તુતિ, વખાણ

લાખ=ઝાડનો રાતો ચીક

સંપાડવુ=મેળવવુ

રજેરજ=જરેજર

શરમ=લાજ

લાભ=ફાયદો

પાઠ ૨૨.

આળસ વિષે.

આળસ=સુસ્તાઇ

બંધીવાન=કેદી
ચીદ=શા માટે.
વણ=વગર.
વણ વાંકે=વગર ગુનાએ
નુકસાની=હાનિ
દાઝ=બળાપો
નવ=નહિ
રાય=રાજા
તજી=છોડી
સહીએ=ખમીએ વેઠીએ
કર=હાથ
વશ=તાબે

ડગ=ડગલુ
ચ[illegible]=પગ
હેડ=જે મોટા કોરેલા લાકડામા ગુનેગારનો પગ ઘલાવી રાખવામા આવે છે તે
ધરી=નાખી
વારી=અટકાવી, ખાળી
ભણતર=ભણવુ તે
લાભ=નફો ફાયદો
વણવા=ભેગા કરવા મેળવવા

જર=પૈસો, નાણુ
જશ=આબરૂ
દરિદ્રિતા=ગરિબાઇ, ભિખારીપણુ
અવગુણકારી=અવગુણ કરનારી, નુકસાનકારક.
નિશ્ચે=નક્કી,
સ્વપ્ને=સ્વપ્નામા
જીવ=મન
જનમ=[illegible]
વિસ્તાર=ફેલાવો
પામે=મેળવે
સમી=બરાબર, જેવી

સમજુતી—એ આળસડી તુ શા વાસ્તે કેદી બનાવે છે? વગર વાંકે કામ ભુલાવીને શા માટે હાનિ કરાવે છે? કોઇ ઉદ્યમ કરતા ખાળે તો તેના પર મનમા બળાપા થાય, પણ તારા પર તો જોર ફાવતુ નથી, એ આળસડી તુ શા વાસ્તે કેદી બનાવે છે વગર વાંકે કામ ભુલાવીને શા માટે હાનિ કરાવે છે? (૧) જો રાજાની આજ્ઞાથી ધંધો છોડી દઇને ખમી રહીએ તો (નુકસાની વેઠીએ) નુકસાન થાય, તો તે રાજાને જુલમી કહીએ (ટેક) (૨) હે! આળસડી તે જેના હાથ (આળસરૂપી) બંધનથી બાંધી લઇ કબજે કર્યા, તેણે તો તરતજ ધંધો છોડી દીધો (ટેક) (૩) જે તારે તાબે થાય એટલે આળસ કરે તે એક ડગલુ પણ ચાલી શકે નહિ જાણે કે તેના પગમા હેડ ઘાલી હોયની ' તુ જબરી અને જુલમીજ

છે (ટેક) (૪) તુ વાચતા અટકાવે, જાણે કે આખે પાટા બાન્ધ્યા હોયની ' ને તરત પુસ્તક (વાચવાનુ) છોડી દે છે (ટેક) (૫) તુ ભણતર ભણવા દેતી નથી તેમજ પરમેશ્વરના ગુણ ગણવા દેતી નથી, મતલબ કે પરમેશ્વરનુ ભજન કરવા દેતી નથી, તુ વધારે ફાયદો મેળવવા દેતી નથી (ટેક) (૬) તુ પૈસા કે આબરૂ મેળવવા દેતી નથી. મિત્રોને મળવા દેતી નથી, તેમજ શિખામણ સાભળવા પણ દેતીનથી, (ટેક) (૭) તુ ગમગીની આપનારી છે, તેમજ શરીરને નુકસાન કરનારી છે, તુ નક્કી [illegible] નઠારી છે (ટેક) (૮) અમે તારાથી મનમા બહુ બીએ છે તેથી સ્વપ્ને પણ તને સઘરીશુ નહિ, તને વેરી સમજીને હમેશા દૂર કરીશુ મતલબ કે તને અમારા શરીરમા પેસવા દઇશુ નહિ (ટેક) (૯) તારા મળ ધીમે ધીમે ફેલાય છે, અને પછી તો બરાબર ફેલાવો પામે છે તને દલપતરામ કવિએ રોગી જેવી દીઠી મતલબ કે રોગીને જોવાથી જેમ ચીતળી ચઢે તેમ તને જોઇ દલપતરામને ચીતળી ચઢી (૧૦)

પાઠ ૨૩.

સત્તા=હુકુમત
તાગ=છેડો અન્ત
અસખ્ય અગણિત
આપર=પાર વગરનુ
વાવાઝોડુ - પવનનુ તોફાન
ગાજ=ફોમ
કાટકા=મોટા અવાજ
ળવુ=દમવુ

દેવળ=દહેરૂ
અતિવૃષ્ટિ=ઘણો વરસાદ
દુકાળ=અનાજ પાણી ન મળે એવો વખત
હિમ=બરફ
ધરતીકપ=જમીનનુ હાલવુ તે
જવાળામુખી=બળતો પહાડ
ભયકર=ભયાનક

આનદકારક=આનદ આપનાર
મદમદ=ધીમો ધીમો
સુખકારક=સુખ કરનાર
નિરતર=હમેશા
અદ્ભુત=ચમત્કારી
ઝીણો=ઉંડો
આશ્ચર્ય=નવાઇ
દીમ=તાજુબ
અનત=જેનો છેડો

નહિ તે, પાર વગરનુ
મોજા=મોજા
છાયા=પડછાયો, ઓળો
સ્વપ્નાવસ્થા=સ્વપ્ના આવે તેની, સ્થિતિ

પાઠ ૨૪.

વિસાત=ગણુતરી હિસાબ
ઇંદ્રિયો=જે વડે કામ અથવા જ્ઞાન થાય છે તે
બ્રહ્માંડ=વિશ્વનો ગોળો
કાર્યો=કામો
સમર્થ=બળવાન
વ્યાપી=ફેલાયલો
સર્વ શક્તિમાન=બધી શકિતવાળો
સર્વવ્યાપી=બધે ફેલાયલો.
સર્વજ્ઞ=સઘળું જાણુનાર
આપોઆપ=પોતાની મેળે
હેતુ=મતલબ
ઋતુ=રત, મોસમ
દયાવાન=દયાળુ
આરોગ્ય=તદુરસ્ત
સોસવુ=વેઠવુ, ખમવુ
પૂર્ણ=પુરૂ
નારાજ=નાખુશ
ભાવ=આસ્થા, શ્રદ્ધા
પ્રાર્થના=અરજ, વિનતી

પાઠ ૨૫.

બાળાઓને બોધ.

બાળા=બાળકી
બોધ=ઉપદેશ
પ્રભાત=સૂર્યોદય થતા પહેલા જ્યારથી અજવાળુ થવા માડે છે ત્યારથી સૂર્યોદય થતા સુધીનો વખત તે, પરોઢ
પરમ=મોટા
પરમેશ=મોટો ઇશ્વર
લીજે=લઇએ
પૂર=પૂરો
ઉત્સાહ=હોસ, ઉમગ
કાજ=કામ
સ્નાન=નહાવુ તે
ભોગ=દુ ખ ભોગવવુ તે
ઇશ=પરમેશ્વર
આરાધીએ=પૂજીએ, ભજીએ
જ જાળ=ખટપટ
પદ=પગ
પ્રણમીએ=નમીએ
રે'મ=રહેમ, મીઠી નજર
ભાડુ=ભાઇબેન વગેરે
ભાવ=પ્રેમ
આણી=લાવી
ઉલટ=ઉમગ, હોસ
ઉચરીએ=બોલીએ
મધુરવાણી=મીઠા શબ્દ
ઠાઠ=ભપકો
ઘોઘાટ=અવાજ
સમય=વખત
કોટી=કરોડ
યત્ન=ઉપાય
આગે=અગાડી
રગ=પાસ
ખંત=કાળજી
સકળ=બધા
કા'ન=કહાન કવિ

સમજુતી—સૌ બેનો હમેશા સવારમા ઊઠીને, મોટા પરમેશ્વરનુ નામ લઇએ, પછી ખરો ઉમગ અને આનદ મનમા લાવીને સઘળા કામ બરાબર કરીએ, સૌ બેનો હમેશા સવારમા ઊઠીએ (૧) નહાવાથી શરીર સુધરે છે અને રોગના ભોગ થતા (રોગનુ દુ ખ ભોગવતા) બચીએ છીએ, ચિત્તને સુધારીએ, પરમેશ્વરને ભજીએ અને જગતની ખટપટમા ફ્રમીએ નહિ (ટેક) (૨) મા અને બાપના પગને હેતથી નમીએ મતલબ કે માબાપને પગે લાગીએ, ભાઇબેનમા મીઠી નજરથી હેત લાવીએ, ઘરનું સઘળુ કામ ઉમગથી શીખીએ, અને મોઢેથી મીઠી વાણી બોલીએ (ટેક) (૩) જ્યા આઠ વાગે કે હાડ મૂકી દઇને અવાજ કર્યા વગર પ્રેમથી પાઠ કરો નાનપણનો વખત શીખવાને માટે સારો છે આગળ કરોડો ઉપાયથી એ (વખત) મળશે નહિ (ટેક) (૪) સારા માણસની દોસ્તીનો પાસ હમેશા લેવો મતલબ કે સજ્જનની દોસ્તી હમેશા કરવી અને નઠારા માણસને જોઇ આઘા ખસવુ મતલબ કે દુર્જનની દોસ્તી કરવીજ નહિ, સુખમા અને દુ ખમા જીવ આનદમા રાખવો એમ શરીર અને મનને ઘણુ કસવુ (ટેક) (૫) કાળજી રાખીને સઘળા સારા સદ્‌ગુણો શીખવા અને હમેશા સારી વાત પણ સાભળો તોજ આ લોક અને પરલોક સુધરે મતલબ કે મૃત્યુ લોક અને સ્વર્ગ લોક બને કામ સધાય કહાન કવિ કહે છે કે ઉપલી શિખામણો પ્રમાણે જે નારીઓ ચાલશે તેની નિદા થશે નહિ. (ટેક) (૬)

પાઠ ૨૬.

પૂર=રેલ
મુશ્કેલ=અઘરી
તરાગો=વાસ બાધીને ટટ્ટો જેવુ કરે છે તે
દોર=દોરી
વાત્રક=ખેડા જિલ્લામા નદી છે
ભેખડ=ટેકરાનો ઝૂલતો ભાગ
ઢીંચણપુર=ઘુ ટણ જેટલા
ભમરા=વમળ, પાણી

ગોળ ચક્કર ખાય છે તે
પટ=પહોળાઈ
છોળો=મોજા
વિઘ્ન=હરકત, ઇજા
પોચા કાળજા ની=બીકણ
છળી=ડરી
અધખોલો=એક બાજુ એ થોડો ઉઘાડો

પાઠ ૨૭.

ભક્ષ=શિકાર,ખાવાનુ
નિરાશ=નાઉમેદ
નિરાતે=નચિં તે
મરડીઆ=એક જાતના કાકરા (એ કાકરાને પકવવાથી તેની છો થાય છે)
બેરખો=હાથે રહે એવી નાની માળા
કરણી=કૃત્ય, કામ, કરવુ તે
વેણ=વચન
આતુર=ઇંતેજાર, તત્પર
હત્યા=મારી નાખવુ તે, ઘાત, ખૂન
કાળ=વરસ, વખત
છળકપટ=છેતરવુ તે, દગો
ભાસ્યું=લાગ્યુ
ધાસ્તી=બીક
તલપ=કૂદકો
કુદકારો=છલ ગ
વેપ=ડોળ
ઢોગ=ચાળા, વેશ
પાળી=કપટ

પાઠ ૨૮.

નદીના પનઘટ.

પનઘટ=ઓવારો
વિમળ=મેલ વગરની, સ્વચ્છ, નિર્મળ
વારિ=પાણી
છિપે=મટે
તરસ=પ્યાસ, શોષ
બેડુ=ગાગર ને ઘડો
શિર=માથુ
શિરપરે=માથાપર
રવ=અવાજ
ઉર=મન
નાવડી=હોડકુ, નાની હોડી
નૌકા=હોડી, વહાણ
જહાજ=મોટુ વહાણ
વિદેશ=પરદેશ
લાવો=ઓરીઓ, ઓરનો
વણજ=વેપાર
નફો=ફાયદો, લાભ
વિશેષ=વધારે
કીઓ=કોઇ
મગ=મગલા
ધસારો=ધસારાબંધ
ધ્યાન=સ્મરણ
મછ=માછલા
તયારી=તૈયારી
પુરણ=પુરૂ
વામે=દૂર થાય
નભ=આકાશ
બિંબ=મા
નભબિંબ=આકાશમ
તહાં=તે ઠેકાણે
તરુ=ઝાડ
છાય=બીબો, છાયડો
ગમન=જવુ તે

સમજુતી—આ દહાડામા (ફાગણ ચૈત્રમા) ઓવારા પર ઉભા રહીને નિર્મળ, વાકડી નદીને જતી જુઓ, તે બહુ શોભે છે; તેમા (નદીમા) કાચના જેવુ ઘણુ ચળકતુ પાણી વહે છે તેવુ મીઠુ પાણી પીવાથી મોઢામાની તરસ મટે છે (૧) ત્યા જઇને બાયડીઓ અને પુરુષો હોસથી નહાય છે કેવા તરે છે ! ને ગમતમા ગમાને ખુશી થાય છે ' કોઇ (લુગડા) ધૂએ છે કોઈ ઝડપથી પાણી ભરીને મનમા ઉમગ લાવીને માથાપર બેડા મૂકે છે (૨) માટ માણસા સ્વચ્છ (જેમા કાદવ પાણી ન હોય તેવી) હોડીઓ ચલાવે છે, જુઓ વહાણ માલ લઇને ઝડપથી આવે છે, ઘણા માણસો મોટા વહાણમા બેસી (વેપાર માટે) પરદેશ જાય છે, વેપારમાથી ઘણો લાભ અને લાવો મળે છે, (૩) સારી ચળકતી નાણી માછલીઓ ફરે છે, પણ કયો માછી પકડશે તે તે જાણે નહિ, વળી બગલાઓ (શિકારને માટે) ઘણુ ભારી ધ્યાન રાખી બેઠા છે, તેઓ માછલાને લેવા ઝડપથી તૈયારી કરે છે (૪) પશુ પક્ષીઓને પુરેપુરૂ (જોઇએ તેવુ) સુખ મળે છે કારણ કે સારૂ ચરવાનુ મળે છે, જેથી ભુખનુ દુખ દૂર થાય છે, આકાશમા ચન્દ્રમા ખીલીને તે (ચદ્રમાનુ પ્રતિબિબ) પાણીમા પડીને ત્યા વાર-વાર તરતો હાલે તે જુઓ (૫) કિનારા પર ઉગેલા ઝાડ બહુ સારો છાયડો કરે છે, પક્ષીઓ ફરે છે અવાજ કરે છે, (બોલે છે) અને વળી ઉડી જાય છે, તે ચાલાક વાકી ચુકી ધસાગાબધ ચાલતી સમુદ્ર ભણી જવાને માટે ધ્યાન રાખે છે

પાઠ ૨૯.
ઘેરાવો=ફરતો ઘેર
ખરી ઉચાઇ=બરાબરી
ઉચાઇ
ચઢણ=છેક ઉપર ચ-ઢવાનો માર્ગ, ઢોળાવ
કિલ્લેબધી=કિલ્લા કોટ બાધવા તે
બુરજ=ઘુમટ

ઉંચારખી=છાતી સુધી આવે એવી
નરદમ=એકલા, નર્યા
વાર=યાર્ડ, ત્રણ ફુટ
સ્થિતિ=હાલત
ભવ્ય=ઘણા મોટા ને શોભીતા
ખડેર=પડી ગએની ઇમારતો
ખડક=પગથો
ઉપલાણુ=ઉપરના ભાગે
પતાઇ રાવળ=પાવાગઢનો ધણી (તેના વંશજ મારીઆ ને છોટાઉદેપુરના રાજા છે.)
છાતી રોકુ=છાતી બરાબર ઉચુ
ખાઇ=ખાડી
પીર=મરણ પામેલા મુસલમાન સાધુ
દેરડી-દેવડી
દંતકથા=મોઢાની ચાલની ખરી ખોટી વાત
વેષ=ભોગ, દેખાવ

અલૌકિક=માણસમા ન હોય તેવુ, દૈવી
રૂપ=ખુબસુરતી, દેખાવ
પાલવ=લુગડાની કોર
શાપ=બદદુવા
ખરાબી=પાયમાલી
તળેટી=પર્વતના મૂળ આગળની જગો
દિવાન=પ્રધાન, વજીર
ચોટા-મઝારો
આબાદ=સુખી

પાઠ ૩૦.

સંતોષી=સંતોષવાળા
વિદ્વાન=ઘણુ ભણેલો
પરમાર્થી=બીજાનુ સારૂ કરનાર, પરગજુ
સુબોધ=સારો બોધ, સારી શિખામણ
માર્ગ=ઉપાય, ઇલાજ
કૃપા=મહેરબાની
વાઝીઉ=છોકરા વગરનુ
વિઘ્ન=હરકત
ઓછુ આવે=મન કચવાય

સ્વામી=ધણી, વર
આરોગ્ય=તંદુરસ્ત
સાધન=સાહિત્ય, સામગ્રી
હેરાન=દુખી
ખોટ=નુકસાન, ટોટો
અસંતોષ=સંતોષ નહિ તે
સંતોષી તે સદા સુખી =જે માણસ સંતોષ રાખે છે તે હમેશા સુખી રહે છે
મંત્ર=ગુપ્ત વિદ્યા
સંભારવુ=યાદ કરવુ

પાઠ ૩૧

રાજગીત.

રાજગીત=રાજા સંબંધી ગાયન
રક્ષ=રક્ષણ કર
દેવ=ઇશ્વર
પ્રૌઢ=મોટા
જયવંત=જશવાળા, યશસ્વી, કીર્તિવાન.
ભસ=વધારે

કીર્તિ=મોટાઇ	જપ=નિરાંત	પાખમા=છાયામા; આશરામા.
યશ=જશ	સપ=એકમેક	ધર=રાખ.
લબાવ=વધાર, ફેલાવ	સધો=મળો, થાઓ	શકિતમાન=જોરાવર.
જગદીશ=જગતનો ધણી પરમેશ્વર	કલ્યાણ=રૂડું.	રાજેશ્વર=રાજાના પણ ધણી, પ્રભુ
વેરી=શત્રુ	કાળ=વખત	નાથ=ધણી, પરમેશ્વર.
વિખેરવા=જુદા પાડવા	ગાજ=ઢગલો	મહાજ્ઞાની=મોટા જ્ઞાન વાળો, ઘણા જ્ઞાન વાળો
રૂઠ=ગુસ્સે થા	શ્રેષ્ઠ=ઉત્તમ	પ્રાર્થના=સ્તુતિ
કાળ=મોત	જાવું=હમેશ, કાયમ	શુભકાર=સારૂ કરનારી. કલ્યાણ કરનારી,
કાળ આણ મારીનાખ	ક્ષેમ=સુખ, આરોગ્ય	પાર=સુધી
બધ પાડ=બધ પાડ	સ ભિમાનને=સારી ઉંચી લાગણીથી, સારૂ અભિમાન મનમા લાવી	રાજભકત=વફાદાર
દ્વેષ-કીનો, અદેખાઇ	પૂજ્ય=પવિત્ર, પૂજા કરવા જોગ	એકદીલ=સપ
કલેશ=કકામ, કજીઆ,	પ્રત્યે=તરફ	સ્વીકાર=કબુન કર,
જ્ઞાન સમજણ અક્કલ		
હુનર=કસબ, કળા		
અમાર=અમારે પર		

સમજુતી—હે પરમેશ્વર! તુ મોટા રાજા (પાચમા જ્યોર્જ)નું રક્ષણ કર એ મોટા રાજા (પાચમા જ્યોર્જ) ઘણા વરસ જીવજો, હે પરમેશ્વર તુ મોટા રાજાનુ રક્ષણ કર એમને ઘણા કીર્તિવાન બનાવ મોજમજા, મોટાઇ અને આબરૂ આપ, અને બહુ વરસ એમનુ રાજ અમારા ઉપર રાખ, હે પરમેશ્વર તુ મોટા રાજાનુ રક્ષણ કર (૧) હે જગતના ધણી પરમેશ્વર તુ ગોઠ એના શત્રુઓને છુટા પાડવા તુ ગુસ્સે થા, અને તેમને મારી નાખ બધી અદેખાઇ અને કજીઓ મટાડી

કે, અને અક્કલ અને કળાનો વધારો થાય એવુ કર અમારે ઘેર હમેશા નિરાત, સપ અને કલ્યાણ થાય એવુ કર. (૨) મોટા જ્યોર્જ રાજા પર હમેશા જોર, આબરૂ તે સુખનુ ઢગલાબધ ઉત્તમ દાન કર (મતલબ કે એમને જોર આબરૂ ને સુખ હમેશા ઘણુ આપ)સારી ઉચી લાગણીથી ગરીબ અને તવગર અથવા પ્રજા અને રાજા એમનુ રાજ પવિત્ર છે એમ જાણે અને જ્યા ત્યાના લોક એમના નામ પર હેત આણે એમ કર (૩) હે! સર્વ શક્તિમાન રાજાઓના પણ રાજા, મોટા જ્ઞાનવાળા પ્રભુ, તુ અમને તારા આશરામા રાખ પૂર્વ કિનારાથી પશ્ચિમ કિનારા સુધી એટલે આ પારથી પેલેપાર સુધી દુનિયામા કલ્યાણ કરનારી ઘણી પ્રાર્થના થાય એમ કર અને વફાદારનો સપ કબુલ કર હે! પરમેશ્વર તુ મોટા રાજાનુ રક્ષણ કર (૪)

ભાગ ૨ જો.

પાઠ ૩૨.

સીતા=રામની સ્ત્રી, જનકની પુત્રી, જાનકી

જનક=મિથિલાપુરીના રાજા

રામચદ્ર=દશરથના પુત્ર

ભાગ્યેજ=જવલ્લેજ

સ્વયવર=ઇચ્છા વરને માટે જે સભા ભરવી તે

ખ્યાતિ=વખાણ, તારીફ

વરવા=પરણવા

અયોધ્યા=સરયુ નદીને કાઠે એ શહેર છે

દશરથ=અયોધ્યાના સૂર્યવશી અજ રાજાના પુત્ર

વરમાળા=વરને પહેરાવવાની માળા

આરોપી=પહેરાવી

કૈકયી=દશરથની નાની રાણી

ખટપટ=કપટ, જજાળ

વનવાસ=વનમા રહેવુ તે

ખિન્ન=દીલગીર, દુખી

સ્વામિનાથ=પતિજી

વીખુટી=જુદી

સમજુત=સમજણ

એકની બે થઈ નહિ=માન્યુ નહિ

છેવટ=આખર

માણુ=ભોગવુ

વિયોગ=જુદા પડવુ તે

સાથ=સઘાત

સજ્જન કરીશ=વેઠીશ,

ખમીશ
તત્પર=તૈયાર
અથાગ=ઘણો
આગ્રહ=હઠ
અતિશય=ઘણોજ
અઢળક=ઘણોજ
ખાતર=માટે, વાસ્તે
ભેદભેદ=કપટ
હરણ કરી ગયો=છાની રીતે લઇ ગયો
લંકા=સિંહલદ્વીપ એ હિંદુસ્તાનની દક્ષિણમા બેટ છે
અશોકવાડી=વાડીનુ નામ છે
નાજુક=દુ ખ ન સહન કરી શકે એવી,કોમળ
આખ ફેરવીને=ગુસ્સે થઇને
ધમકી=બીવડામણ, દમ
દૃઢતા=અડગપણુ, પાકો નિશ્ચય
સીતાના વીત્યા=સીતાજીને જેટલા દુ ખ પડયા તેટલા બે વેઠયા

પાઠ ૩૩.

પુરાણો=હિંદુઓના જુના ઇતિહાસના ગ્રંથો (પુરાણ અઢાર છે)
શ્રીકૃષ્ણ=દેવકીના પુત્ર, પરમાત્મા
જાદવકુળ=યદુકુળ એ કુળનો મૂળ સ્થાપનાર યદુ નામનો રાજા હતો તે ઉપરથી એ નામ પડયુ છે
દ્વારિકા=કાઠિઆવાડના વાયવ્ય કોણમા આવેલુ શહેર છે (હાલ એ ગાયકવાડ સરકારને તાબે છે, એમા રણછોડજીનુ દહેરૂ છે)
મોર્યવંશ=મુરા રાણીનો વંશ
સ્થાપના=મંડાણ, શરૂઆત
મગધ=બહાર પ્રાંત
સંગમ=મોટી નદીને નાની નદી જે ઠેકાણે મળે છે તે જગા
સમર્થ=બળવાન
મિત્રાચારી=દોસ્તી
યુનાન=ગ્રીસ (એ યુરોપખંડની દક્ષિણમા દેશ છે)
સુદર્શન=તળાવનુ નામ
પૌત્ર=છોકરાનો છોકરો
અશોક=મગધના રાજા, બિંદુસારનો પુત્ર
ઇ સ પૂર્વે=ઇસ્વીસન પહેલા
નિરાધાર=આધાર વગરના
ધર્મશાળા=મુસાફર લોકોને વગર ભાડે ઉતરવાનું મકાન, મુસાફરખાનું
ધોરી=સરીયામ
ચોતરા=ચબુતરા

સ્તંભ=થાંભલા
મૂળતત્ત્વો=જે મુદ્દા કે સિદ્ધાંતોપર ધર્મ રચાયો હોય તે
કાયમ=હયાત
લેખ=લખાણ
લિપિ=ભાષા
મુખ્યત્વે=ઘણુ કરીને
હિંસા=હત્યા, ઘાત
વડીલ=મોટા
શ્રવણ=સાધુ
ઉડાઉ=ગેરવાજબી ખરચ કરનાર
સદાચાર=સારીચાલ ચલગત
હિત=ભલુ, કલ્યાણ
મત=ધર્મનો પંથ
વૃત્તાંત=હકીકત, બ્યાન
લાડી=વહુ
લંકાની લાડી ને ઘોઘાનો વર=વહુ સિંહલદ્વીપની ને વર ઘોઘાનો

પાઠ ૩૪.

ઘેરો ઘાલ્યો=ચોમરદમ લશ્કર ગોઠવી દીધુ
નિર્ભાગ્યે=કમ નશીબે
સામેલ=દાખલ
સતી થવું=ધણીના મુડદા સાથે જીવતા બળી મરવું
અણીને વખતે=આખર ઘડીએ
ડૂમો=બીકથી કોઇ જોડે બોલતા છાતી ધબકવી તે
સભ્યા=મટયા
ધર્મ=ફરજ કર્તવ્ય
આધીન=તાબે, વશ
સલાહ=અભિપ્રાય
વિઘ્ન=હરકત, અડચણ
ડૂમો કરવી=વહાલ આવવાથી ગળે બાઝવુ તે
ગદગદ કંઠે=ગળામાથી અચકતા શબ્દો નીકળે એવા અવાજથી

અપાસરો=ગોરજીને રહેવાનુ ઠેકાણુ
અણધારી=ઓચિંતી
આફત=દુખ, સંકટ
સૂઝતુ નથી=સમજ પડતી નથી
આભાર=પાડ, ઉપકાર
વાસ=રહેઠાણ, મુકામ
પ્રસવ્યો=જન્મ્યો
નમન કર્યું=નમસ્કાર કર્યા
ફોજ=લશ્કર, સેના

પાઠ ૩૫.

બારવટુ=જંગલમા રહીને ગામ લૂટવા તે
કોઠલો=દહી દૂધ વગેરે મૂકવાને માટી અથવા લાકડાનો બનાવેલો ઘાટ
રાજ વંશી=રાજાને પેટે અવતરેલો
રેખા=લીટીઓ, કાપા
પંજો=હથેલી ને આંગળા મળીને જે હા-

ચનો ભાગ થાય છે તે
ઇનાદો=મનસુબો, વિચાર
કામઠું=ધનુષ
તીર=બાણ
દ્દઢતા=મનનું અડગપણું
ઉમળકા=હોંસ
ખાતર=ચોર લોકોએ ઘરમાં પેસવાને પાડેલું બાકું
આરોપ=તહોમત
અનુમાન=ધારણા, અટકળ
કલ્પના=ધારણા, અનુમાન
તિલક=ટીલું

પાઠ ૩૬.

જુનાગઢ=ગીરનારની પાડોશમાં શહેર છે
જોષી=જ્યોતીષ વિદ્યા જાણનાર
માગું=માગણી
ભાટ=વખાણ કરનારી બ્રાહ્મણની એક જાત
બદલો=આભાર
પદ્મની=ઉત્તમ વર્ગની સ્ત્રી
વરે=સાથે
ખાંડુ=તરવાર, રાજા જાતે ન જતા કેટલીકવાર પરણવાને તરવાર મોકલે તે
બળાત્કારે=જોરજુલમથી
સગપણ=સગાઇ
દરવાન=દરવાજાની ચોકી કરનાર, દ્વારપાળ
મ=મા, નહિ
ખોય=ખોડ, ખાપણ, એબ, બટ્ટો

સમજુતી—હે માણેરા તું રડ નહિ, અને આંખો લાલ ન કર જો મરતી વખત માને યાદ કરીએ તો વંશમાં બટ્ટો લાગે

ખોદે તે પડે=બીજાને નુકસાન કરવાને જે ઉપાય કરે તેજ ઉપાયથી પોતાને નુકસાન થાય

પાઠ ૩૭.

સોલંકી=ચાલુક્ય (એ રજપુત વંશનું નામ છે)
સગીર=નાની, કાચી
ચોહાણ=રજપુત વંશનું નામ છે
દિલ્હી=જમના નદીપર શહેર છે (રજપુત અને મુસલમાન રાજાઓની રાજધાની હતી એમાં દરબાર ભરવામાં આવ્યો હતો (હાલનું હિંદનું રાજધાનીનું શહેર)
તલપ=ઉતાવળથી લેવાને પડવું તે
ઝઝુમી=તલપી
ધણબલાની=નજીવી
મુરાદ=ઇચ્છા, આશા
શક=સંદેહ
કુસંપ=અણબનાવ
ખુવાર થવું=ખરાબ થવું, નાશ પામવું

દષ્ટાંત=દાખલો, ઉદાહરણ
ખુબસુરત=દેખાવડી
હાડે હાડ=રૂવે રૂવે
ડંકા=નગારૂ, ઢોલ
માંડળિક=ખંડીઆ
જય=જીત, ફતેહ
યુદ્ધ=લડાઈ
કોપે=ગુસ્સે
એકમત=સંપ
કમર બાંધવી=લડવું
પ્રસંગ=વખત
તા=મૂછે હાથ નાખવો તે
અંકુશ=હાથી વશ રાખવાનું અણીદાર નાનું હથિઆર
ત્રિશુળ=ત્રણ પાખાવાળુ હથિયાર
સાંભર=જ્યાં સાંભર સરોવર છે તેની આસપાસનો ભાગ
વિચિત્ર=નવાઈ જેવી
આવેશ=ગુસ્સો
પરાજય=હાર

પાઠ ૩૮.

વાઘેલ=વંશનું નામ છે (વાઘેલા ગામની જાગીર મળી હતી તેથી વાઘેલા નામ પડયું)
અણહીલવાડ=પાટણ (સરસ્વતી નદીને કાંઠે ઈ સ ૭૪૬ માં વનરાજ ચાવડાએ અણહીલ નામના ભરવાડ ઉપરથી વસાવ્યું હતું)
વેરાન=ઉજ્જડ, વસ્તી વગરનો
શરણુ=તાબે
આજીજી=કાલાવાલા
ભંડાર=ખજાનો
જનાનખાનું=સ્ત્રીઓને રહેવાની જગા
સર કરવું=જીતવું
બેગમ=મુસલમાન પાદશાહની સ્ત્રી
મલેક કાફુર=ગુલામનું નામ છે એને ખંભાતની લૂટમાથી અલાઉદ્દીન લાવ્યો હતો
બેત=સંત, યુક્તિ
માનભંગ=અપમાન
કલંક=ડાઘ
સ્વાધીન=તાબે, હવાલે

પાઠ ૩૯.

દુરાચરણી=ખરાબ ચાલના
બંડ=દુલ્લડ
પંડે=પોતે
ઉપનામ=ઉપમા
પશ્ચાત્તાપ=પસ્તાવો દીલગીરી
ઘોર=પાપી
અદલ=વાજબી
વાટપાડુ=રસ્તે લૂટી લેનાર
ડાસળ=ડાટ, નાગ મૂળ
સરહદ=છેવટની હદ
વસુલાત=જમાબંધી
આબાદી=ચઢતી

અમદાવાદ=એ સાબર-
મતી નદીને કાંઠે છે
અહીંઆના ધાતી
જોડા અને મરકી
વખણાય છે એનુ
ખરૂ નામ અહમદા
બાદ છે
પ્રવાહ=વહેણ
ખ્યાતિ=નામના
અદ્યાપિ=હજુ પણ
ગોરસ=મેળો

પાઠ ૪૦.

વરાળ બાફ
નિરંતર હમેશા
વટ=જાડી
ધુમસ—ધુણીના જેવી
વરાળ, ઓસ, દવ
ઝાકળ=ટાઢીના જોરથી
હવામાથી વરાળનુ
પાણી થવુ તે, ઠાર
મોતીઆ=મોતીના દા
ણા જેવા ટપકા
વાદળા=વરાળનો જથો
કરા=બરફના ગાગડા
આકાશમાથી પડે તે

પાઠ ૪૧.

દેશ=ઘણા ઇલાકા અ-
ને પ્રાંત મળીને થ
એનો તે
પહાડ=જમીનપર જે
મોટા ડુંગર આવે
લા હોય તે
ભેગા થઈ ગએલા=મળી
ગએલા
ટોચ=શિખર, ઉપલો
ભાગ
સઢ=વહાણના કુવાને
આધારે રહેલા કંતાન
કે દોટીના જે જાડા
કપડામા પવન ભરા
યાથી વહાણ જલદી
ચાલી શકે છે તે
સપાટી=હરકોઈ પદાર્થ
નો ઉપલો ભાગ
આરપાર=એક છેડાથી
બીજા છેડા સુધી
ઉલટી=વિરૂદ્ધ, સામી

પાઠ ૪૨.

વાર્ષિક=વરસની
ગતિ=ચાલ,
વિશાળ=વિસ્તીર્ણ,
લાબા પહોળા
પીઠ=વાસો
આર=ભમરડાની વચ્ચે
લોઢાની અણીદાર
ખીલી જડેલી હોય તે
જોત=સળગતો કાકડો
કિરણ=સીધી લીટીમા
પડતો પ્રકાશ,

પાઠ ૪૩.

અગાસી=ધાબુ
કરાંઠી=કપાસ તુવેર
વગેરેના સુકા છોડ
ખુપરા=ભોયમા દટા-
યલા સુકા ઠુઠા
ડાંડા=નીક, કાસ
કાસ=પાણી જવાનો
માર્ગ, નીક
ટેટી=ખડબુચ
ખાતર=કોહી ગએલો

કચરો વગેરે.
ખરીફ=ચોમાસામા વવાતા ધાન્ય
વાવણી=રોપણી.
કરપી=રાપડી, ખેતીનુ એક ઓજાર
નીંદી=ઉખેડી
હેલી=લાગલગાટ વરસાદનુ આવવુ તે
નિરાત=ચેન સુખ
વળે છે=થાય છે.
માફકસર=જોઇએ તેવો
તીડ=ખેતર ને નુકસાન કરનાર તપખિરીઆ રંગનુ જીવડુ
ધમાલ=ધામધુમ
રવિપાક=શિયાળુ પાક
ખળી=કણસલામાથી અનાજ છુટ્ટુ પાડવાની જગા
ચીરા=ફાટ, ચીરાડા
કડબ=જુવારના સુકા સાઠા
સરકારધારાના=વસુલાતના, મહેસુલના
ધારાના=વેરાના
શીતળ=ઠંડો
પાન=પાદડા
ખરે=ભોયપર પડે
કઠોળ=દ્વિદળ ધાન્ય
નઓળ=પાન]
ધરે=પહેરે ઓઢે
શાલ=ઊનનુ કીમતી વસ્ત્ર
તણા="ના"
ભલી ભાત=સારી રીતે
ઉડી જળ જાય=પાણી સુકાઇ ઓછુ થાય
પામે=આવે
પાન=પાદડા
કેસુડા=કેસુડાના ઝાડના ફૂલ
ગુણવાન=ગુણકારી, ફાયદાવાળા
હોજ=પાણીની ટાકી
ફુવારા=જેમાથી પાણી ઉચે ઊડે છે તે
ચંદન=સુખડ કેસર વગેરેને પાણીમા ઘસીને લચકા જેવુ બનાવે છે તે
લાગ=લાગે
કોયલ=મધુર રાગનુ કાળા રંગનુ પક્ષી
મીઠા બોલ=મધુર શબ્દ, મીઠા વેણ
વણતોલ=ઘણોજ
ખાસુ=મજાનુ, સારુ
ડુબાડૂબ=ડુબી ગએલી
ઉચારે=બોલે, ગાય
મલાર=એક રાગનુ નામ છે
ચંપેલી, જુઇ, જાય } એક જાતના સુગંધીદાર સફેદ ફૂલ
ચંપા=પીળા રંગનુ સુગંધદાર ફૂલ
ભલા=સારા
ફુલાય=ખીલે
માટ=માટે
ચાખડીઓ=પાવડીઓ
હિંચોળા=હીંચકા
ખાટ=ખાટલા

કવિતાની સમજુતી.

ટાઢની મોસમમા ઠંડો પવન વાય, ઝાડના પાંદડા ખરી પડે, ઘઉ, ગોળ, (શેરડી) કપાસ અને કઠોળ પાકે, અને લોકો ટાઢથી શરાગ કાટે નહિ માટે શરીરે તેલ ચોળે અને પાન ખાય (૧) ટાઢ વાય નહિ માટે લોકો શરીરે ડગલા પહેરે અને શાલ ઓઢે, ગરીબ લોકના ટાઢથી પગ અને ગાલ ફાટી જાય, એ ઋતુમા (શિઆળામા) રાત ઘણી મોટી હોય છે અને દિવસ નાના (ટૂકા) થાય છે અને શરીરમા સારી રીતે (સારો ખોરાક ખાવાથી) જોર આવે છે (૨) ઉનાળામા કુવા, વાવના પાણી ઉંડા જતા રહે છે-ઘટે છે અને નદી ને સરોવરના પાણી સુકાઈ જઇને ઓછા થાય છે, સઘળી વનસ્પતિને નવા પાંદડા આવે છે અને સારા ગુણવાળા કેસુડાના ફૂલ પણ થાય છે (૩) ગરમીની મોસમમા કુંડ, ફુવારા અને બાગ સારા લાગે છે, તેમજ ચંદન અને વીંજણા વહાલા લાગે છે, કારણ કે એથી ઠંડક વળે છે કોયલ મીઠા બોલ બોલે છે અને તાપ વધારે પડે છે (૪) વરસાદની ઋતુ ઘણી મજાની લાગે છે, દુનિયા પાણીમા ડુબેલી દેખાય છે મતલબ કે બધેજ પાણી પાણી થઇ રહે છે, લોકો મલાર રાગ ગાય છે અને ખેડુતો ખેતરમા વાવણી કરે છે (૫) ચંપા ચંપેલી, જાઇ, જાય, અને ગુલાબના ફૂલ સારા ખીલે છે ચોમાસામા સુખને માટે છત્રી, પાવડીઓ, હીંચકા ને ખાટલા હોય છે (૬)

પાઠ ૪૪.

ઇલાકો=ઘણા પ્રાંત, જિલ્લા અને એજન્સિ મળીને થએલો તે

એજન્સિ=નાના દેશી ગરાજ્યોનો જથો

નકશો=ગામ, શહેર કે દેશ વગેરેનો ચીતરેલો નમુનો

દેશ=ઘણા ઇલાકા અને પ્રાંત મળીને થએલો તે

જિલ્લા=ઘણા તાલુકા મળીને થએલો એક કલેકટરના તાબાનો ભાગ

પ્રાંત=ઘણા જિલ્લા, એજન્સિ અને સંસ્થાન મળીને થએલો તે.
ગવર્નર=ઇલાકાનો સૌથી વડો અધિકારી
રાજવહીવટ=રાજકારભાર
મંડળ=સભા
ખાતર=માટે
વિભાગ=ભાગના ભાગ

પાઠ ૪૫.

એકે સાદે=એકે અવાજે, સાથે
મજલ=ટપ્પો
ધાડ=લુટારાની ટોળી
ધાસ્તી=ભય, બીક
એકલદોકલ=એકલા
ગભરામણ=અકળામણ
ચાણોદ=વડોદરા પ્રાંતમાં નર્મદાકાંઠે જાત્રાનું સ્થળ છે
સિદ્ધપુર=સરસ્વતી નદીને કાંઠે જાત્રાનું ઠેકાણું છે. એમાં માતૃશ્રાદ્ધ કરવા લોકો જાય છે એમાં હાલ ગાયકવાડનું રાજ છે

પાઠ ૪૬.

સરખામણી=મુકાબલો
વાકેફગાર=માહીતગાર
પ્રશ્ન=સવાલ
સગવડવાળા=જોગવાઇવાળા
છક=દિંગ, તાજુબ
બારૂ=બંદર, જયાં વહાણો રહે તે
હજીરો=કબર રોજો
રોજો=કબર
દીવાદાંડી=વહાણોને ખડકની ખબર પડે માટે દરીઆમાં ઉંચો મિનારો કરી તેમાં ફરતો દીવો રાખે છે તે
ટંકશાળ=નાણું પાડવાની જગા
ગોદી=જ્યાં વહાણને સમાં કરવામાં આવે છે તે જગા, બાંધેલી ખાડી

ભાગ ૩.

પાઠ ૪૭.

સાળુ=બૈરાને પહેરવાનું લાલ, લીલા, પીળા વગેરે રંગનું લુગડું.
ચાપડો=પટો
સાવચેતી=ખબરદારી
આડું અવળુ=આગળ પાછળ
બોક=છિદ્ર કાણું,
કસુર=વાંક, તકસીર
તૂણવું=બોકને કપડાના જેવા દોરા વડે ભરી લેવું તે
ખંડ=ઓરડા
થીગડું=ફાટેલા લુગડા પર જોડેલો કકડો
કાપલા કુપલી=નકામા પડેલા કકડા.
સંગ્રહ=સંઘરો
અંગુલી=મોય બોકાય

નહિ માટે આગળીએ જે ટોટી પહેરે છે તે
વડ=જાત
ઓટવુ=વાળીને બખી આ દેવા
ફ્રાટ=દૂર દૂર ટાકા મારવા તે

પાઠ ૪૮.

કટાળો=અણગમો, ત્રાસ
વાદ=સરખામણીએ
પાલવે=પરવડે, ઓજે
ઓશિઆળુ=નાએદાર
આતરસેવો=કપડુ લાબુ પડતુ હોય તો જોઇએ તેટલુ વાળીને દોરો ભરવો ત
આટવે=આટીઓ બ વડાવે, વટાવે
ફૂતેલ=છુત જાય
વાદવાળી=ધાગવાળી

પાઠ ૪૯.

સાધન=સામગ્રી
તગ=બધબેસતુ નહિ તે
વરે=ખપે
દેખાવ=શોભા.
ખુલતુ=ઢીલુ
મેળ=જુક્તિબધ મેળવી દેવુ તે
ચીંદરડી=લાબી પટી
મગજી=કપડાને છેડે ગોળ કોર દે છે તે

પાઠ ૫૦

આકા=નિશાની, એધાની
આટી=દોરાનુ ગોળ ગુચ્છુ
કાસકી=કાસકીના ઘાટના જાડા કાગળપર દોરા વીટાળેલા હોય છે તે, ચપડી
મહાવરો=અભ્યાસ, ટેવ
બખીઆ=પાસે પાસે ને ઝીણા ઝીણા ટાકા દીધા હોય છે
તોછડી=નાની ટુકી
ચાપ=દાબડાનો સચો

પાઠ ૫૧.

ગરમી=ગરમ વસ્તુને અડકવાથી જે લાગણી પેદા થાય છે તે
ઉકળાટ=ધામ
ઉષ્ણતા=ગરમી
ઝાળ=આચ
તીવ્રવાહક=જલદીથી વહેવડનાર
મન્દવાહક=ધીમેથી વહેવડાવનાર

પાઠ ૫૨.

બળતણ=બાળવાના પદાર્થ
અસર=લાગણી
ધુણી=ધુમાડો

પાઠ ૫૩.

દુઝણુ=દુઝતી ગાય ભેસો
મોસાળ=માતુ પિઅર
કોઢીઉ=ઢોર બાધવાની જગા
બાકણ=કપાસીઆ, કાલા, ગુવાર વગેરે ઢોરને ખવડાવવા માટે બાફે છે તે
રબારણુ=રબારીની બૈરી

નીરી=નાખી

પાનો=આચળમાથી દૂધ આવવા દેવુ તે

મર=ઝીણી ધાર

વટલોઇ=તામડી

મેલો=દોહતી વેળા ગાય દૂધે નહિ માટે તેને પાછલે પગે જે દોરડુ બાંધવામા આવે છે તે

છટકપાટુ=ખસી જઇને પાટુ મારવુ તે

પાટુ=ઢોર પાછલા પગે લાત મારે છે તે

સોતુ=સાથે

ડબકાનુ=છેલ્લી વારનુ

સ્વાદિષ્ટ=અતિશય સ્વાદવાળુ, લહેજતદાર

ઉચી ગઇ=દૂધ દેતી બધ થઇ

ટક=એક વખત

પાઠ ૫૪.

વલોણુ=દહીંને વલોવવાનુ કામ

ગોરસુ=દૂધ અધરકવાનુ વાસણ

રવૈયો=વલોવવાનુ હથિયાર

નેતરા=સુતરના પાનના દોરડા

ડેરા=જેના મધ્યમા વાસ પરોવીને ગોળીના મોને બાંધે છે તે માંડી

ઝડાડા=દોરી પકડી અવરનવર ખેચવી તે

ઘુમડી=ફેરા ખવાડ્યા

દોણી=છાશ ભરવાનુ માટીનુ વાસણ

મુથીઉ=ઘાસ વગેરેનુ મોટી ઉધણ જેવુ ગોળ બનાવેલુ તે

હાટીઉ=ભડારીઉ

પાઠ ૫૫.

તર=મલાઇ

પુરણુ=પુરા

જીવન=જીવવુ તે

વૃદ્ધિ=વધવુ તે

ખુમચો=ટાટ, રકાબીના વાટની મોટી થાળી

અધીરા=આતુર

અપારદર્શક=આરપાર જોઇ શકાય નહિ એવુ

ટાટ=ખુમચો

ખુલાસા=સમાધાન

પાઠ ૫૬.

માખણ=છાશ ઉપર પાણ અને ચીકણુ તરી આવે છે તે

ચીકટ=ચિકાશવાળો ભાગ

નરી=એકલી

વટ=જાડા

ચરબી=પ્રાણીઓના શરીરમાથી ઘી જેવો પદાર્થ નીકળે છે તે

પાઠ ૫૭.

કદોઇ=સુખડીઓ, મિઠાઇ બનાવનાર તથા વેચનાર

ટકા=સામો ભાગ

પોપણુ=વધારવુ, ઉછેરવુ

ઓદાઈ=ગાઈ

પાઠ ૫૮.

નામ=ઉકળાટ
સામટા=એકદમ
મનાગી=જોડી કાઢેલી
ઇંદ્ર=સ્વર્ગના નાથ, દેવતાઓમાં જે મુખ્ય તે
મુગટ=શિરપેચ
ર=જમાવ
કરેલ=ઘર્મ
તજવીજ=તપાસ
ચોપદાર=છડીદાર
આજ્ઞા=હુકમ
નોબત=નગારૂં
સજ્જ=તૈયાર
નાચ્યા=બોલવા માન
ખડી=ઉભા
કત્ત્વ=કામ, ફરજ
ચોપદાર=છડીદાર
છીપે=મટાડ, દૂર કરે
નાકા=ચાતે દેકાણે નાટ જેવો ભડકો વાપરે છે તે

છેદીને=કાણાં પાડીને
પંક્તિ=હાર, ઓળ
અમૃત=મીઠું
સાખ=આગાપનજર
પાકવા આવેલી રી
નિહાળ=ગુંજાને ગુંજાગાન

પાઠ ૫૯.

નમન કરવું=નમવું
કાટ=ઈમારત બાંધવામાં વપરાતા લાકડાં
સાચી=એમ..
મુખ્ય=મેનકાઈ નાદાની
માસવું=વેડવું
ગડું=જુવારના મોટા સાંઠો
નાતો=સંબંધ
દાવો=હક
ખોટ=નુકસાન
પુષ્ટિકારક=જોર આપનાર
ધૂળ=રજ
ઉત્પત્તિ=પેદાશ
વેલો=ભોયપર પથરાતો

છોડ
મડા થયા=ઉભા થયા
વાપર=વપરાશ
કરોળ=બે ફાડવાળું અનાજ, મગ ચણા વગેરે
હિસાબ=ગણતરી, ગણના
ગરજ સારે છે=કામ બજાવે છે
અરખાસ કરી=બંધ કરી

પાઠ ૬૦.

કાળજી=ખંત
કાકડા=ગુચળી
ડુંખ=ડાખળી
વસંત ઋતુ=ફાગણ ને ચૈત્ર માહીનો
ફાડી=ખુંદ
લહેજતદાર=સ્વાદિષ્ટ સ્વાદ આપે એવી
પુડું=પડ

પાઠ ૬૧.

આશ્ચારણ=ખૂબ ઉકળતું પાણી
પુડા=પડ

મતી=માફક આવતી
ટવ=આફત, મહાનરો

પાઠ ૬૨.

ગળપણ=મિઠાશ
વાઢ=શેરડીનુ ખેતર
ચાલુ=શેરડી પીલવાનો સચો
ગિઆજ=ધાગે
ગુટ્ટ=ચોકખ રસ,
મી=શેરડીના રસને ઉકાળવાથી જે મલ ઉપર તરી આવે છે તે
મસ્કા=માખણ
અણગમો=નાપસંદગી
બીટ=વિલાયતી લાલ કંદ
પતરા પતરાવાળી=જેમા પતરીઓ એટલે પડ દેખાઈ તેવી

પાઠ ૬૩.

ભાત=રાંધેલા ચોખા
ડાગળ=છોડવાળુ ભાત
પખાળી=પાંખોવાળી
ત્રાંબાસાળ=ત્રાંબાની રંગની સાત ડાગર
પાણસાળ
સાળ=ડાગર
મગાળીઉ=મગાળેથી આવેલુ
મુખળુ=મા ઉપરની પાતળી અણીદાર સળી
દાનમ=ભરુચ જિલ્લાનો એક ભાગ

પાઠ ૬૪.

નિભાવ=ગુજરો નિભાવ
મેંદો=પરસુદી
રવો=દાણાદાર ઘઉંનો લોટ
ભાલ=ધોળકા તથા ધંધુકાનો પશ્ચિમ ભાગ અને કાઠિઆવાડનો કેટલો ભાગ
આરારૂટ=એક જાતના છોડના કંદનો લોટ,
સત્વ=કસ

પાઠ ૬૫.

વિચિત્ર=તરેહવાર, નવાઈ જેવુ
સુદ્ધા=સાથે
વણસાદોડી=દોડીની એક જાત
જામ=જમરૂખ
ડુગળી=કાંદા
ટૂટે છે=ઝરે છે

પાઠ ૬૬.

ભાળ=ખોળ પત્તો
કળા=યુક્તિ, હુન્નર,
ઉંધી=અવળી ઉનડી
ઉંધીઉ=ઉબડીઉ
ઓગો=લીલા શેકેલા ચણા
દોકળા=ઇંદડા

પાઠ ૬૭.

બિમાર=માંદા, રોગી
સંગ્રહણી=વારે વારે ઝાડો થવાનો રોગ
મરડો=પેટમા દુખીને ઝાડો થવાનો રોગ
અરુચી=અભાવ અણગમો
મધુરૂ મધરૂ=થોડુ થોડુ

બેસુમાર=ગણીજ
ગર્જના=ગાજવા
થાણુ=મથાળુ
ભર=ગીચ પાસે પાસે
નિમાન=રોગ મટવાડ
અનાજ=અડામ
મના-પસી ઉતરી
આ ઝુવતુ=વાડ ગણુ
શ્વાસ-દ્રોર આવવાની જગ્યા
વિનાશ થઈ=ગઈ

પાઠ ૬૮.

એ માપ=થોડ
અવયવ=ભાગ
ક્રિયા=કામ
માહીતી=જાણ ખબર
નાજુક=કોમળ
મગજ=મગજનો ગભેડો
રક્ષણ=બચાવ
ફેફસા=શ્વાસોશ્વાસની ઇદ્રિયો
હૃદય=લોહીની ટાંકી
કાળજુ=પેટની જમણી બાજુએ માસનો મોટો ટુકડો કે તે પિત્તાશય
પડખે=બાજુએ
આતરડુ=ગુચળુ વળેલો દોરડા જેવો પેટનો ભાગ એ જઠરની નીચે ડાબી બાજુ પર છે
પેડુ=પેટની નીચેનો ભાગ
ખાસ=જુદુ
વાટે=રસ્તે
પેટ=ઉદર
જઠર=પાચન થવા માટે પેટની ડાબી બાજુએ ખોરાક ભરવાની કોથળી
લાગણી=અસર
જુસ્સો=મનનો ઉભરો, લાગણી

પાઠ ૬૯.

સ્વચ્છતા=ચોખ્ખાઈ
આરોગ્ય=તંદુરસ્ત
ખસ=ઝીણી ફોલ્લી
દાદર=દરાજ
ભયંકર=ગંભીર
ડાગે=પડ
આવરદા=આયુષ્ય
અડાયા=છાણુ સુકાઈને બનેલા તે
મંજન=માંજવા કે સાફ કરવાની વસ્તુ
અવાળુ=દાતના પિઢિયા
કંજુસાઈ=ચખીલાઈ
ઉલ=જીભ ઉપર વળગેતુ વાસી ચુક
ખોડો=ઉખડેલી ચામડીની મેલી રજ
નખડાની=ખજવાળવાની
નખીઆ=નખ વડે ખજવાળથી ગુમડા જેવુ થાય છે તે
દાતી કરવી=કાસકીના દાતામા ખડબચડી નાગી ગુથવી અથવા ગાગરના દાણા ઘાલી તે વડે માથુ ઓળવુ તે
લીખો=જૂ માકડ વગે

કેના છેડા

માથાવટી=ગુગડાનો માથાપર ઓઢવાનો ભાગ જે ચીકટાય છે તે

લટીઆ=લાખા નિમાળાનો ગુચ્છો

અંબોડો=સ્ત્રીઆ પોતાના માથાના વાળ ઓળીને માથા પર વાંકે તેની જે ગાંઠ વાળે છે તે

લટ=લાંબા નિમાળાની ગુચ્છ

ટાલ=માથાના જેટલા ભાગ પરથી વાળ જતા રહ્યા હોય તેટલો ભાગ

સંભન=આશા

પાઠ ૭૦.

નાડી=હાથના કાંડા આગળની શિરા કે જે વડે લોહીની ગતિ તથા રોગ સમજાય છે તે

જઠરાગ્નિ=પેટની ગરમા

એંજીન=વરાળ પેદા કરીને ગતિ આપનારા સંચો

પાઠ ૭૧.

મળાપ=સમાગમ, મળવું તે

ભસ્મ=રાખ ખાખ

ગુસ્સા=ક્રોધ

વેગ=ગતિ, ધ્યાન

ડુબ=મગન

પાઠ ૭૨.

સમોન=માઠા

પિત્તાશય=પિત્ત ભેગુ થાય છે તે જગા

જઠર=ખોરાક પચાવનારી મુખ્ય ઇંદ્રિય

અન્નનળી=જે રસ્તે ખોરાક પેટમા જાય છે તે નળી

માસ પિંડ=માસનો લોચો

પિત્ત=લિલાશ પડતો પ્રવાહી પદાર્થ

વાળ=ચીકાણુ યુક

ઉનગી=મોકારી, વાગોળ

નળીઓ=શ્વાસ

નીરા=ઓથી નસ

દ્રવ=પ્રવાહી

રોપ ચાર્યા

મગ=મેન, નરક

પાઠ ૭૩.

વગ=જાત

મુસ્ત=આળસુ

સહીસનામત= મનમાં

તાગ=તાતણા

તણુ=કાન

ઝગેટા=પત ગોઆ। રહેવાની નાળી ગોળ નડી

ગોટી=નડી

કોકડી=તગડના ઉપર નડુ આનેં નાટાળેલુ જે સુતર તે

મહેસુર=દક્ષિણ હિંદુસ્તાનમા એક દેશી રાજ છે

પત્તિસર=નજીવીજગી

સાળ=કપડાં વણવાનો સંચો

વાનાકુ=નબળા

જાડિ=મજબુત, ઘણા સમત ચાને એવા

પાઠ ૭૪.

વણ=કપાસનો છોડ

ચરખીઅ=કપાસના બી કઢી કપાસ સાફવાનો સંચો

પિંજણો=કપાસમાંથી કપાસીઆ તથા [illegible] જુદા પાડવાનો સંચો

પાટલા=ગોટડા

પુણીઓ=[illegible] ગાળાનો વેતક લાંબા ન આંગળી જેટલા જાડા એવો જે આકાર કાતવા માટે તૈયાર કરેલો તે

રેટીઓ=સુતર કાતવાનો સાદો સંચો

વાટા=ગોળ આકારની લાંબી પુણી

વણકર=વણવાનું કામ કરનાર

તાણણો=તાર

પાઠ ૭૫.

ઓઢણ=મળમને ઓઢવા સારૂ મોવેનુ કપડું

રૂવાટી=કુમળા અને ઝીણા વાળ

ઘટ=જાડા

ગીચ=પાસ પાસ

ઉઝરડા=કાપા ચરમમાં

લાજમર્યાદા=આબરૂ અને અદબ

મરજાદા=અદબ, મર્યાદા

કુદરતી=ઈશ્વર તરફથી મળેલી

પાઠ ૭૬.

રૂમાલ=મો સાફ કરવા નો કકડો

પ્રવેશ કરે=દાખલ થાય

હીંડળ=કડી

સુતરેલ=સુતરાઉ સુતરના

ઉકળાટ=ઘામ

કરકરૂ=ખરબચડું

ખાળે=અટકાવે

સુજની=રજાઇ

પાઠ ૭૭.

ગરમાવો=ગરમી, હુંફ

ઝેબ=ઝભ્ભા

અકારા=અણગમો આપે એવા

લૂ=ગરમ હવાનો ઝપાટો

મંદવાહક=ધીમેથી વહેવડાવનાર

તીવ્રવાહક=જલદીથી વહેવડાવનાર

ગરજ=કામ

સારતા=બજાવતા

પોમ=રૂવાટી જેવું કપડા પર હોય તે

પાઠ ૭૮.

ફુઅડ=ગાદી

સાવરણી=બુતારો

પરસાળ=ઘરમાં પેસતા પહેલો ઓરડો આવે છે તે

ઢીએ=ઢર ઘાડા
ભ=ગજ
ભેર=ટોળી ગજ
ઉથમીને=ઉચકીને

પાઠ ૭૯.

ગ્રહણ=સૂર્ય ચંદ્રના બિંબપર પડતી પૃથ્વી ની છાયા
આગણુ=બારણા આ ગળની જગ્યા
ઓટલી=નીપણમાં
અંગુઠેથી પાડવામાં આવતી નકલી
અલગ-એલાયદી જુદી

પાઠ ૮૦.

માત્ર=ફક્ત
અંગ=શરીરનો ભાગ
મોજથી=આનંદથી
શ્વાસ=દમ
પોપટ=ગુંજન ગુંજારો
સડક=બ્લોક,
માગધારી=માગ આ નાર
મનાળ=નીર
ગીની-ફપળ પાતન ની ઢગી
એમને=કદાચ
ઉપાસ્તિ માતા=ઉત્યા જી વને માગ્યો તે

ધાન્તી=મીઠ
ગમ થવાથી=જતી રહેવાથી દેખાતી બંધ થવાથી,
ગળી=મટી દૂર થ
ગુગ ગાટ=અંધારામણ
ડકડાં=ટકો
ચેન-સુખ
તપ તપાવીને=મહાન કાઢીને
ગાળો=પિંડા
ભવ=અવતાર
રમુજ ગમત આ વી

— — — — —

મેસર્સ. સી. ડી. શાહ એન્ડ કો૦ કૃત.

અર્થની નોટો

બાળવર્ગની નોટ એ આના જમા—મૂગાતર શિક્ષણ, રીત મૂગાતર લખવાનો ક્રમ, બે અક્ષરના શબ્દો, ત્રણ અક્ષરના શબ્દો, બારાખડી, આંક, ભાગ ૧ લાના અર્થ, ભાગ બીજાના અર્થ, ગીત અને કવિતાની સમજુતી, જ્યમ મની ડ્રિલ, પોતાની જગાએ જતી વખત બોલવાની ડ્રિલ, ઘેર જતી વખત બોલવાની ડ્રિલ એકથી પાંચ સુધી ઉમેરવા તથા બાદ કરવા વિષે પાઠ, સરવાળાના કોઠા, બાદબાકીના કોઠા, દડાની રમત વગેરે

પહેલીના અર્થ અઢી આના જેમા —અર્થ, કવિતાની સમજુતી, પાઠનો સાર, અઘરા શબ્દો, જોડાક્ષર, ડમ્બેલ્સની ડ્રિલ વ

બીજીના અર્થ ચાર આના જેમા —અર્થ, કવિતાની સમજુતી પાઠના સવાલ, પાઠનો સાર, ભૂગોળ, પાઠવાર અઘરા જોડાક્ષર, ડમ્બેલ્સની ડ્રિલ વગેરે

ત્રીજીના અર્થ પાચ આના જેમા —અર્થ, કવિતાની સમજુતી પાઠના સવાલ, પાઠનો સાર, ભૂગોળના સવાલ, પાઠવાર અઘરા શબ્દો જોડાક્ષર, ડંડાની ડ્રિલ વગેરે

ચોથીના અર્થ સાડાસાત આના જેમા —અર્થ, કવિતાની સમજુતી, તમામ પાઠના સવાલ તથા સાર અઘરા શબ્દો, જોડાક્ષર, સુરત જીલ્લાની ભૂગોળ, ડ્રિલ વગેરે

પાચમીના અર્થ આઠ આના જેમા —અર્થ, કવિતાની સમજુતી, વ્યુત્પત્તિ, પાઠના સવાલ, પાઠનો સાર અગત્યના નિબંધ બ્રિટિશ હિંદના રાજ્યોનો ભાગ વગેરે

છઠ્ઠીના અર્થ નવ આના જેમા —શબ્દાર્થ વ્યુત્પત્તિ પ્રમાણે અને ૩૯ બને રીતે કવિતાનો અન્વય, કવિતાની સમજુતી પાઠના સવાલ, પાઠનો સાર વગેરે

સાતમીના અર્થ દસ આના જેમા —શબ્દાર્થ વ્યુત્પત્તિ પ્રમાણે અને ૩૯ બને રીતે, કવિતાનુ વિવરણ—સ્ફુરીકરણ, પાઠના સવાલ, કવિતામા આવેલા ભક્તોની ઓળખાણ વગેરે

કન્યા વાચનમાળા પુસ્તક ૧લાના અર્થ ૪ આના
કન્યા વાચનમાળા પુસ્તક ૨જાના અર્થ ૫ આના
કન્યા વાચનમાળા પુસ્તક ૩જાના અર્થ ૭ આના
ત્રિવેદિ વાચનમાળા સાતે પુસ્તકોના અર્થો તૈયાર છે.

છગનલાલ મોતીરામ શાહ શાહપોર-સુરત

જ્ઞ. સી. ડી શાહ એન્ડ કો. કૃત

[illegible]

આંક વર્ગની નોટ	૦-૪-૦	પાંચમીના અર્થ	૦-૮-૦
પહેલીના અર્થ	૦-૪-૦	છઠ્ઠીના અર્થ	૦-૯-૦
બીજીના અર્થ	૦-૪-૦	સાતમીના અર્થ	૦-૧૦-૦
ત્રીજીના અર્થ	૦-૫-૦	[illegible]	
ચોથીના અર્થ	૦-૬-૦	[illegible]	

[illegible] વાંચનમાળા પુસ્તક [illegible] ના અર્થ

[illegible] વાંચનમાળા પુસ્તક [illegible] ના અર્થ

[illegible] વાંચનમાળા પુસ્તક [illegible] ના અર્થ

બીજા ધોરણ માટે

[illegible]

"ડિક્ટેશન શિક્ષક"

[illegible] વાંચનમાળા પુસ્તક [illegible]

આંક [illegible] ૦-[illegible] [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]